# રેકિ વિદ્યા નિકેતન

રેકિ વિદ્યાનિકેતન
શ્રી સ્વામી સમર્થ મઠ
દેવરૂખ કાટવલી માર્ગ
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર ભારત
ટેલીફોન : ૯૧૨૩૫૪૨૪૧૩૨૨

વોલ્યુમ ૨ અંક ૪ 01-06-2010

## રેકિ સેમિનાર દરમ્યાન પૂછાયેલા રસપ્રદ પ્રશ્નો

પ્રશ્ન : શું ખરાબ ઓરા સારી ઓરાને દબાવી દે ?

જવાબ : વાસ્તવમાં ખરાબ ઓરા કે સારી ઓરા જેવું કશું જ નથી. કેટલીક ઓરાના તરંગો આપણને અનુકૂળ આવે છે જયારે કેટલીક ઓરાના તરંગો અનુકૂળ નથી થતા. ત્યારે આપણે તેને સારી કે ખરાબ ઓરા કહીએ છીએ. એક ઓરા બીજી ઓરાને દબાવતી કે અવરોધ કરતી નથી. તે યાંત્રિક ઘટના કરતાં કંઇ જુદુ જ છે. જે બે ઓરા એક બીજાને અનુકૂળ ન હોય તો તે ત્રીજા પ્રકારના તરંગો ઉત્પન્ન કરે છે. જેને કારણે જે વિચારો અને ભાવનાઓ ઉત્પન્ન થાય છે તે શાંતિનો ભંગ કરે છે. જેમકે ગ્રુપમાં બધા લોકો આનંદ કરતા હોય અને અચાનક એક એવી વ્યકિત આવે છે કે જેને કારણે સમગ્ર ગ્રુપનું વાતાવરણ બદલાય જાય છે. જયારે જયારે ભૌતિક અવકાશ કે હવામાનમાં પણ ફેરફાર થાય છે ત્યારે આવું બને છે.

પ્રશ્ન : ક્રિયા (Action) નો ઉદ્‌ભવ કેવી રીતે થયો ?

જવાબ : મને લાગે છે કે ભૂતકાળમાં આ બાબત ઘણીવાર ચર્ચાઇ ચૂકી છે. ચૈતન્યના અનેક તરંગોમાંથી એકાદ તરંગ આપણા આજ્ઞા ચક્રની (જેને બુદ્ધિનું સ્થાન માનવામાં આવે છે) ફ્રિકવન્સી (આવૃત્તિ) સાથે સુમેળ સાધે છે. જેને કારણે એક નવો તરંગ પેદા થાય છે જેને ખ્યાલ (Idea) કહે છે. આ ખ્યાલનો તરંગ વધુ નીચે ઉતરી મનરૂપી ચૈતન્યનાં (જે વિશુદ્ધિ ચક્રમાં સ્થિત છે) તરંગ સાથે મળે છે અને નીચલી આવૃત્તિ વાળો વિચાર રૂપી તરંગ પેદા થાય છે. અને આ વિચાર રૂપી તરંગ જયારે હૃદયચક્રની આવૃત્તિ સાથે મળે છે ત્યારે ભાવ કે લાગણી ઉત્પન્ન થાય છે અને તે પછી સ્થૂળ શરીરની આવૃત્તિને મળે છે અને કર્મનું સર્જન થાય છે. જયારે તમે ક્રિયા વિશે પૂછયું છે તો તે પ્રવૃત્તિ છે કર્મ નથી. મેં ઉપર કર્મ વિષે સમજાવ્યું છે મને લાગે છે કે તમે આનો જ જવાબ માંગતા હતા. ક્રિયા કે પ્રવૃત્તિ તે ભાવના વગરનું કાર્ય છે. તે કોઇ પણ ભાવના વગરની યાંત્રિક પ્રક્રિયા છે. પ્રવૃત્તિમાં જયારે સંકલ્પ મળે ત્યારે તે કર્મ બને. આમ સંકલ્પ એ ભાવ કે લાગણી સિવાય કશું જ નથી.

મે મહિનામાં દેવરૂખ અને નાસિકમાં ૧૬ વર્ષથી નીચેના બાળકો માટેનો વિશેષ સેમિનાર હતો. તેમાં અભ્યાસના ભાગરૂપે બાળકોને ભગવાનને એક પત્ર લખવાનું કહ્યું હતું અને બાળકોએ જે પત્રો લખ્યા છે તે ખરેખર વાંચવા જેવા છે. આ અંકમાં અમે તેનો સમાવેશ કરી શકયા નથી તેથી તે પત્રો તમને અલગ અંકમાં અમે મોકલીશું. તે વાંચવામાં મજા આવશે. બાળકોની શુદ્ધ ભાવના તેમના વિચારોની શુદ્ધતા તેમજ વાતાવરણની આ બાળકો પર અસર આ બધાની તમે કદર કરશો.

આ અંક અંતર્ગત :

રેકિ સેમિનાર દરમ્યાન પૂછાયેલા સરપ્રદ પ્રશ્નો ૧
બેધ્યાન શિષ્યો ૨
દેવરૂખમાં વૈદિક ગણિતનો કોર્ષ ૩
'સ્વ' ને ઓળખો ૪-૫
રેકિ આરોગ્ય મંદિર બીઝનેસ એકસપો ૬
ભિખારીને દાન નહીં રેકિ આપો ૭
આશ્રમ જ્ઞાન રેકિ સેમિનારનું સમયપત્રક ૮

# બેધ્યાન શિષ્યો



પ્રયત્નથી સાવધાનીથી આત્મસંયમથી તેમજ નિયંત્રણ વડે જ્ઞાની પુરુષો એવો ટાપુ બનાવે છે કે પૂરના પાણી પણ ત્યાં પહોંચી શકતા નથી.

નથી રાગ સમો આગી, નથી દોષ સમો ગહો,

નથી મોહ સમાન જાળ, નથી તન્હા સમાન નદી,

વિષય-વાસના સમાન અગ્નિ નથી, ઘૃણા સમાન બંધન (પકકડ) નથી, માયા જેવી કોઇ જાળ નથી, પ્રબળ ઇચ્છા સમાન કોઇ નદી નથી.

એક વખત ભગવાન બુદ્ધ જેતવન મોનેસ્ટ્રીમાં ધર્મનો અર્થ સમજાવી રહ્યા હતા ત્યારે પાંસ સામાન્ય શિષ્યો ત્યાં હાજર હતા.

એમાનો એક બેઠા બેઠા સુઇ ગયો હતો, બીજો આંગડીઓ વડે જમીન ખોતરતો હતો, ત્રીજો વૃક્ષને હલાવી રહ્યો હતો. અને ચોથો આકાશ તરફ મીટ માંડી જોઇ રહ્યો હતો. પાંચમો શિષ્ય જ બુદ્ધને ખૂબ જ આદરપૂર્વક તેમજ ધ્યાનથી સાંભળી રહ્યો હતો. આદરણીય આનંદે આ પાંચ શિષ્યોની અલગ અલગ વર્તણુક જોઇ અને તેની આલોચના કરી ''પૂજય ગુરૂ, જયારે તમે ધર્મનું અર્થઘટન કરી રહ્યા હતા ત્યારે આ પાંચ માંથી એક તમને સાવધાની પૂર્વક સાંભળી રહ્યો હતો'' આનંદે બાકીના ચાર શિષ્યો શું કરી રહ્યા હતાં તે બુદ્ધને કહ્યું અને પૂછયું કે તેઓ આવું વર્તન શા માટે કરી રહ્યા હતા?

ભગવાન બુદ્ધે સમજાવ્યું કે આ લોકો તેમની ભૂતકાળની આદતોમાંથી બહાર આવી શકતા નથી. પહેલો શિષ્ય પૂર્વે સર્પ હતો. અને સાપ હંમેશા ગુંચડું વળીને સુઇ જતો હોય છે, એટલે તે પણ ધર્મને સાંભળતા સાંભળતા સુઇ ગયો. બીજો જે જમીન ખોતરતો હતો તે ભૂર્ગમાં રહેનારું કોઇ પ્રાણી હતું અને જે વૃક્ષને હલાવતો હતો તે ભૂતકાળમાં વાંદરો હતો. અને જે આકાશ સામે જાઇ રહ્યો હતો તે જયોતિષ હતો અને જે ધર્મની વાતો ધ્યાનથી સાંભળી રહ્યો હતો તે પૂર્વે વિદ્વાન બ્રાહ્મણ હતો. તે પછી બુદ્ધે કહ્યું, ''આનંદ, તારે એ યાદ રાખવું જોઇએ ધર્મને સમજવા માટે વ્યકિતએ ખૂબ સાવધાની રાખવી જોઇએ, અને સાથે સાથે એવા અનેક લોકો છે જે ધર્મને સમજી શકતા નથી''.

**ભિક્ષુ આનંદે પૂછયું, ''પૂજય ગુરૂજી ધર્મને સમજવા માટે કઇ કઇ વસ્તુઓ બાધારૂપ છે ? ભગવાન બુદ્ધે જવાબ આપ્યો, ''આનંદ, રાગ, દ્વેષ અને મોહ આ ત્રાણે લોકોને ધર્મને સમજવામાં અવરોધ કરે છે, વિષયના અગ્નિ જેવો એકે ય અગ્નિ નથી, અને ઈચ્છાઓ અંતહીન છે.**

# દેવરૂખ આશ્રમમાં વેદિત ગણિતનો કોર્સ

ભારતમાં મે મહિનો એટલે શાળા તેમ જ બીજી સંસ્થાઓમાં વેકેશનનો મહિનો. ગુરૂજી છેલ્લા કેટલાક વર્ષોથી બાળકો માટે વેકેશન દરમ્યાન કોઇ પ્રવૃત્તિ કરવાનું વિચારી રહ્યા હતા. એમનું સપનું આ વર્ષે સાકાર થયું. વડોદરાની ભારતીય વિદ્યાભવન સ્કૂલના એક સીનીયર ટીચર શ્રીમતિ તેજશ્રી સોમાનીએ દેવરૂખમાં બાળકોને વૈદિક ગણિત શીખડાવવમાં રસ દાખવ્યો. વૈદિક મેથેમેટીકસ એ વૈદિક વિજ્ઞાનની મહત્વની શાખા છે અને બાળકોને તે ગણિતથી તેમજ આપણા પ્રચિન વિજ્ઞાન કે જે અત્યારે પણ દુનિયામાં ઉપયોગી છે તેનાથી માહિતગાર કરવાનો આશય હતો.

તે માટે તેજશ્રીએ સાત દિવસનો કોર્સ નકકી કર્યો અને  તેનું સંચાલન દેવરૂખ આશ્રમમાં કરવામાં આવ્યું. ૨૩ બાળકોએ આ કોર્સમાં ભાગ લીધો અને શિક્ષણની આ પ્રાચીન પદ્ધતિનો લાભ ઉઠાવ્યો. આ કોર્સમાં ભાગ લેનારાઓનો ઉત્સાહ અનેરો હતો. તે ઉત્સાહ જોઇને તેજશ્રીએ દરેક ઉનાળાના વેકેશનમાં અલગ અલગ સ્તરે આવા કોર્સ લેવાનું નકકી કર્યું.

આ કોર્સ ઉપરાંત ૬ થી ૧૨ વર્ષના બાળકો માટે દેવરૂખ તેમજ નાસિકમાં રેકિ માસ્ટર શ્રીમતી સંગીતાબેન કુલકર્ણીએ ૪ અને ૫ મે દરમ્યાન લીધો જેમાં ૨૪ બાળકોએ ભાગ લીધો હતો. નાસિકમાં ૨૯, ૩૦ મે દરમ્યાન રેકિ માસ્ટર શ્રીમતી સીમાબેન ત્રિવેદીએ લીધો હતો જેમાં ૧૪ બાળકો સામેલ થયા હતા. આવા બીજા પણ સેમિનારનું જુન-૨૦૧૦ નાં પહેલાં પખવાડીયામાં આયોજન થનાર છે.

આપણા મીશનના એક ભાગરૂપે કે જેમા સુખમય તેમજ સ્વાસ્થ્ય સભર જીવન જીવવા માટેનો વિકલ્પ પુરો પડવો તેમજ તેનો ફેલાવો યુવા પેઢીમાં પણ કરવો. તે માટે શ્રી ગુરૂજીએ બરોડાના ૧૪ થી ૨૪ વર્ષના સાધકોમાં ૨૩, ૨૪ મે દરમ્યાન પહેલ કરી. દરેક સાધક (વિદ્યાર્થી) જેમને ગુરૂજીનું માર્ગદર્શન જોઇતું હતું તેઓએ પોતે જ વિષયમાં સારા હતા તે બાબત તેમની ક્ષમતા વર્ણવી. ગુરૂજી વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા-પિતા સાથે બેસીને તેમને (વિદ્યાર્થીઓને) મન પસંદ લાઇન લેવા દેવાનો અનુરોધ કર્યો કે જેમા તેઓ તેમની શ્રેષ્ઠતમ તેમજ પ્રવૃત્તિ દેખાડતો ચાર્ટ બનાવવામાં આવ્યો. આ વિદ્યાર્થીઓને ગુરૂજીએ ખૂબ જ સ્પષ્ટ સંદેશો આપ્યો, ''તમે તમને જે થવું ગમે તેના કરતાં તમે જેમાં તમારી ક્ષમતાનો શ્રેષ્ઠ રીતે ઉપયોગ કરી શકો તેનાથી શરૂઆત કરો, તમારી ક્ષમતાને અનુરૂપ તમારી પ્રવૃતિઓ પસંદ કરો કે જેનાથી તમારે માનસિક તણાવનો ભોગ ન બનવું પડે. તમારા અંતરાત્માના અવાજ ને ઓળખો, બહારના તત્વોની દોરવણીથી દોરવાઇ ન જાવ''.







આપણે માનવોએ પૃથ્વી તેમજ વાયુની નૈતિક સમજ કેળવવી જોઇએ તેમજ તે પ્રમાણે જીવવું જોઇએ. નહીતો બીજો વિકલ્પ એ રહેશે કે આપણે જીવતા જ ન રહી શકીએ.

– એન સ્કોટ મોમાડે

# 'સ્વ' ને ઓળખો – અશ્વિની તેલંગ

સામાન્ય રીતે આપણે સાંભળતા હોઇએ કે વાતાવરણએ આપણા પ્રતિબિંબ સિવાય કશું જ નથી. આ જ વાકયને બીજી રીતે લઇએ તો ''દરેક ક્રિયાને વિરૂદ્ધ પ્રતિક્રિયા હોય છે''. બંને વાકયો દેખીતી રીતે જુદા લાગવા છતાં એનો અર્થ એક જ છે. બંને વાકયો એ દર્શાવે છે કે આપણે જે કંઇ કરીએ છીએ તે જ આપણને પાછું મળે છે.

માટે આ ''સ્વ'' ને સમજવું ખૂબ જરૂરી છે. સંસ્કૃતમાં 'જીવ' શબ્દને 'સ્વ' તરીકે ઓળખવામાં આવે છે.

આ 'સ્વ' માં વ્યકિતના વલણ, ભાવ, સમજ તેમજ મુલ્યો કે જે સામાન્ય માણસો માટે આ બધુ શબ્દની રમત સિવાય કશું જ નથી. માટે 'સ્વ'ને સમજવા માટે પ્રત્યેકે 'સ્વ' ને કર્તા તેમજ એક અલગ પાત્ર તરીકે મુલવવું જોઇએ. સ્વ એટલે કે તે 'સ્વ' ને લગતી ક્રિયાઓનો અનુભવ કરે છે તે ..

અનેક વાર જયારે આપણે 'સ્વ' બાબત વાત કરતા હોઇએ છીએ ત્યારે આપણે હું, મારૂં વિ. શબ્દોનો ઉપયોગ કરતા હોઇએ છીએ. આમ 'હું' એટલે કે જાણનાર, કે જે ક્રિયા કરનાર કર્તા ને જાણે તે. અને બીજી બાજુથી 'મને', 'મારૂ', એટલેકે એ જેને કોઇ જોઇ રહ્યું છે અને તે જાણે છે, અને તે જ આ અનુભવની પ્રક્રિયામાં છે તે બહાર નથી. પરંતુ આ જ્ઞાન પુરતું નથી, અને જયાં સુધી આપણે 'સ્વ'ના સ્તરનો ઓળખતા નથી ત્યાં સુધી તે અધરું છે.

તૈતરીય ઉપનિષદમાં એવું કહ્યું છે કે સ્વ એટલે કે જીવ જેના ઘણા સ્તરો છે. તેમાં મુખ્યત્વે પાંચ સ્તર છે, કોષ છે.



# 'સ્વ' ને ઓળખો

**૧. સ્થૂળ શરીર : અન્નમય કોષ**

આપણું શરીર છે તે સ્થૂળ શરીર કહેવાય છે. જેમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો તેમજ પાંચ કર્મેન્દ્રિયો હોય છે. સ્થૂળ શરીરને અન્નમય શરીર પણ કહેવાય છે કારણ કે તે અન્નમાંથી બને છે, અન્નથી જ તેનું પોષણ થાય છે. અને મૃત્યુબાદ પણ તે બીજા માટે ખોરાક બને છે.

**૨. પ્રાણમય શરીર : પ્રાણમય કોષ**

પ્રાણમય શરીરને ઊર્જાનું સ્તર કહેવાય છે અને તેને સૂક્ષ્મ શરીર કહે છે. શરીરનું યોગ્ય સ્વાસ્થ્ય જાળવવા માટે તેમાં ઊર્જાનો પ્રવાહ સતત વહેતો રહે તે જરૂરી છે. ઊર્જાનું આ સ્તર ચક્રો તેમજ નાડીઓમાં ઊર્જાનો પ્રવાહ વહેતો રાખે છે. તે સ્થૂળ અને સૂક્ષ્મ શરીર તેમજ અન્ય સ્તરો વચ્ચેનો સેતુ છે. આ સ્તરના પાંચ વિભાગો છે.

- પ્રાણ
- ઉદાન
- અપાન
- વ્યાન
- સમાન

આ સ્તર તે અન્નમય શરીરનું નિયંત્રણ તેમજ નિયમન કરે છે.

**૩. મનોમય શરીર : મનોમય કોષ**

મનોમય શરીર ને મનો-ભાવનું સ્તર પણ કહેવાય છે. તે આપણા વ્યકિતત્વને બનાવનારા વિચારો તેમજ ભાવનાઓનું મુખ્ય સ્થાન છે. તે અન્નમય શરીર તેમજ પ્રાણમય શરીરને નિયંત્રણમાં રાખે છે. મનોમય શરીરનું બળ કે નબળાઇ વ્યકિતને લાગણીશીલ કે લાગણીહીન બનાવે છે. આ સ્તરમાં વિચારોનું ભાવમાં રૂપાંતર થાય છે.

**૪. વિજ્ઞાનમય સ્તર : વિજ્ઞાનમય કોષ**

બુદ્ધિનું આ સ્તર મનના સ્તરને નિયંત્રણમાં રાખે છે. આ સ્તરમાં કલ્પના કે ખ્યાલનું વિચારોમાં રૂપાંતર થાય છે. અને જો વિચારો બને તો તેનું મનોમય શરીર દ્વારા ભાવનામાં રૂપાંતર થાય છે. આ સ્તરની ઘટના ખૂબ વધારે અને આવૃત્તિ ખૂબ ઓછી હોય છે.

**૫. આનંદમય શરીર : આનંદમય કોષ**

આ સ્તર ખૂબ અંદરનું તેમ જ બીજા સ્તરોની સરખામણીએ સૂક્ષ્મત્તમ છે. આ સ્તર બુદ્ધિના સ્તરનું નિયંત્રણ કરે છે. તેમાં કલ્પનાઓ કે ખ્યાલો કે જેનું હજુ વિચારોમાં રૂપાંતર થયું નથી, તેનું સ્થાન છે. આ સ્તર આત્માની સહુથી વધુ નજીક છે અને તે જ આપણા 'સ્વ' ની મૂળ પ્રકૃત્તિ છે.

# અમેરિકાના ટેકસાસ-મીડલેન્ડમાં થયેલા બીઝનેસ એકસ્પોમાં રેકિ આરોગ્ય મંદિર







પ્રિય ગુરૂજી,

મારા શહેરમાં થયેલ બીઝનેસ એકસ્પોના ફોટાઓ હું મોકલું છું જેની મેં તમને પહેલાં વાત કરી હતી. હીલીંગ પ્રોસેસના બદલાતા સ્વરૂપ ને જોઇને મને અત્યંત આનંદ થયો. લોકો હીલીંગનાં વિકલ્પ તરીકે અલગ અલગ રીતોને અજમાવવા માટે ખુલ્લા મને પૂછતાછ કરતાં હતા.

નન્દા અમ્બોર

રેકિ આરોગ્ય મંદિર મીડલેન્ડ ટેકસાસ યુ.એસ.એ.

મે-૧૭-૨૦૧૦

જ્યારે તમે બિમારીને અટકાવી શકતા હો તો બિમાર માણસને સાજા કરવા માટે નાણા ચૂકવતા રહેવું તે વ્યવહારિક નથી.

– ડો. ડેવિડ સ્મિથ

## 'સ્વ' ને ઓળખો (પાના નં. ૪ થી Cont.) – અશ્વિની તેલંગ

દેરક કોષના સ્તરની અભિવ્યકિત સ્થૂળ શરીરથી સૂક્ષ્મ શરીર સુધીની યાત્રાનું સુયોજીત તંત્ર સૂચવે છે. જો વ્યકિત આ શરીરના સ્તરોની રચનાને સમજી અને તેના 'સ્વ' નો અનુભવ કરે તો તેને 'સ્વ' ને જાણનાર અથવા Self realised કહેવાય. અને જેણે આ જાણી લીધું છે, તેમજ પરમાનંદની અનુભૂતિમાં રહી શકે છે તેણે મેસ્લોના જરૂરિયાતના સિદ્ધાંત મૂજબ આત્મ સાક્ષાત્કારનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કર્યું કહેવાય.

# ભિખારીઓને દાન નહીં રેકિ આપો....

રાજકોટના પીનાબેન નામના સાધકે વર્ણવેલી આ સત્ય હકીકત છે.

રેકિના બીજી ડીગ્રીના સેમિનારમાં ગુરૂજી હંમેશા કહેતા હોય છે કે ભિખારીઓને દાન કયારેય ન આપો. તેમને રેકિ આપો જેથી કરીને તેમનું જીવન સુધરે, અને આ માટેનું એક કારણ એ પણ છે કે મહાનગરોમાં ગુંડાઓની ટોળી આ ભિખારીઓને પકડીને ભીખ મંગાવે છે અને પછી તેમની પાસે એકઠા થયેલા પૈસા છીનવીને લઇ જાય છે. એટલે આ રીતે આપણે તે દાન ભિખારીને નથી આપતા પરંતુ ગુંડાઓને જ આપીએ છીએ. અને આમ ભિખારીને દાન આપવાથી તેમની ભિખ માંગવાની વૃત્તિને આપણે પોષીએ છીએ. બીજું બે કે પાંચ રૂપિયા આપવાથી તે ભિખારીની જીંદગી બદલાતી નથી. પરંતુ જયારે તમે તેને રેકિ આપો છો ત્યારે એવું પણ બને કે એના જીવનની પરિસ્થિતિ બદલાય અને તેને માંગવાની જરૂરત ન પણ પડે. અને આ જ રેકિનો તેમજ એક સાચા સાધકનો મહિમા છે. રાજકોટમાં જયારે પણ હું મંદિર જતી ત્યારે મંદિરની બહાર બેઠેલા ભિખારીઓને દાન આપતી. મેં રેકિની બીજી ડીગ્રી લીધા પછી મને થયું કે લાવને ગુરૂજીએ બતાવેલો માર્ગ અપનાવવાની હું કોશીષ કરૂં. મેં બહાર બેઠેલા ભિખારીને પૈસા ન આપ્યા પણ તેના સુખી જીવન માટે રેકિ આપી. અને આ પ્રમાણે ૩ , ૪ દિવસ સુધી બન્યું. આ બાબત પછી મને પણ રંજ થવા લાગ્યો કારણ કે તે પછી થોડા સમય સુધી તે ભિખારી દેખાયો જ નહી. તેથી મને વધારે દુ:ખ થયું પરંતુ થોડા દિવસો બાદ જયારે મેં તેને જોયો ત્યારે તે ભિખારીઓ સાથે ન બેસતા તેમનાથી દૂર ઉભો હતો. મેં તેને પૂછયું કે કેમ દેખાતા ન હતા ? તેણે હસીને જવાબ આપ્યો કે તેને હવે ભીખ માંગવાની જરૂરત નથી. તેનો એક મોટો દિકરો ઘરેથી ભાગી ગયો હતો તે પાછો આવી ગયો છે અને તે વૃદ્ધ માણસને પણ મંદિરમાં પૂજારી તરીકે નોકરી મળી ગઇ છે. મધર રેકિની આ કરૂણા-સભર શકિતનો અનુભવ કરી મારી આંખમાં પાણી આવી ગયા.

# એક સુંદર પ્રાર્થના

પ્રિય ઇશ્વર,
મારા મિત્રોના જીવનમાં આવતા પડકારોને હું જાણતો નથી
પરંતુ તમે બધું જ જાણો છો.
હું તેમનું મૌન સાંભળી શકું છું તો તમે તેમની પ્રાર્થના.
હું તેમનું હાસ્ય સાંભળી શકું છું, તમને તેમાનાં આસું દેખાય છે.
મને તેઓને આપે છે તે દેખાય છે જયારે તમને તેમની પાસેથી
કોઇ છીનવી લે છે તે દેખાય છે.
મને તેમનો સુંદર દેખાવ દેખાય છે તો તમને તેના આત્મા પર પડેલા જખમ.
હું તેમના વિશ્વાસનો અનુભવ કરૂ છું તે તમે તેમની શંકા.
હે ઇશ્વર તેમના માટે હું તમને પ્રાર્થના કરૂ છું કે તેમને
જે જોઇએ તે પુરતા પ્રમાણમાં તેમને મળે.
આવતી કાલે શું થશે તેની મને ખબર નથી.
પરંતુ કાલને પકડીને ‘કોણ’ બેઠું છે તેની મને ખબર છે.

# આશ્રમ જ્ઞાન

એક વખત રેકિ સેમિનારમાં એક સાધકે પૂછયું, શા માટે ઈશ્વરે આટલા દુઃખો, આટલી ઉદાસી અને પીડાનું સર્જન કર્યું જયારે તે જાણે છે કે તે દુઃખદ છે ? ગુરૂજીએ કહ્યું ''પહેલાં તમે ઈશ્વર એટલે શું તે સમજો''. ઈશ્વર નિર્ગુણ, નિરાકાર અને નિર્વિકાર છે, તે માત્ર ઉર્જાનો સ્ત્રોત છે. તે હવાની લહેરની જેમ વહે છે. તમે હવાની લહેરને સુગંધિત કે દુર્ગંધવાળી કહી શકો? નહીં. હવાની લહેમાં આવા ગુણો હોતા નથી. આ બધા ગુણધર્મો તે જેના ઉપરથી વહે છે તેને કારણે આવે છે. ઈશ્વર માટે પણ આવું જ છે. તે તો અણિશુદ્ધ પવિત્ર / દિવ્ય છે. જો તેના માર્ગમાં અગરબત્તી આવે છે તો તે તેની સુગંધ લઈને આવે છે અને જો ગંદકી આવે છે તો તે તેની દુર્ગંધ લઈને આવે છે. તેના પ્રવાહનાં માર્ગમાં તમારૂં ચિત્ત આવે છે. માટે જે તમારા ચિત્તમાં હોય છે તે તમારા સમગ્ર અસ્તિત્વમાં ફેલાય છે. માટે પ્રશ્ન એ છે કે તમારા ચિત્તમાં શું ભર્યું છે ?



વિશ્વ એ વિરાટ શાળા છે. આપણે તેમાં શીખવાનું છે પરંતુ સમસ્યા એ છે કે નથી આપણે વિશ્વને શાળા સમજતા કે નથી આપણે શીખતા અને શીખવા માટે વારંવાર આવતી તકો આપણને પીડા રૂપ લાગે છે.

– અજીત સર

## રેકિ સેમીનારનું સમય પત્રક

| ક્રમાંક | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૫, ૬ જુન | રાજકોટ | અજીતસર | પ્રથમ |
| ૨ | ૫, ૬ જુન | વડોદરા | સંગીતાબેન | પ્રથમ |
| ૩ | ૧૨, ૧૩ જુન | ડોમ્બીબલી/થાણા | અજીતસર | પ્રથમ |
| ૪ | ૭, ૮ ઓગસ્ટ | દેવરૂખ | અજીતસર | પ્રથમ |

## વડોદરામાં નવું રેકિ લર્નીંગ સેન્ટર

રેકિ વિદ્યાનિકેતનું પ્રમુખ કહી શકાય તેવા વડોદરા કેન્દ્રમાં કે જયાં લગભગ અત્યાર સુધી ૪૦૦૦ રેકિ સાધકો છે ત્યાં સમા એરિયામાં એક નવું રેકિ લર્નીંગ સેન્ટર ખોલવામાં આવ્યું છે. આ સ્થળ આપણા એક સાધક શ્રી વિવેક પાંડેનું છે અને તેમણે તેના ઘરમાં શીખવા માટે શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરી છે. ભવિષ્યમાં વડોદરાના બધાજ રેકિ સેમિનાર આ મહિનાથી શરૂ કરીને આ સ્થળે જ થશે. આ હોલનું ઉદ્ઘાટન ૨૨, ૨૩ મે-૨૦૧૦ નાં રોજ અજીતસરે તમના રેકિના પ્રથમ ડીગ્રીના સેમિનાર દરમ્યાન કર્યું હતું. આ હોલને ''સ્વામી વિવેકાનંદ લર્નીંગ સેન્ટર'' એવું નામ આપવામાં આવ્યું છે. આ સેન્ટરમાં આધ્યાત્મિક પુસ્તકો તેમજ હીલીંગને લગતા પુસ્તકો ધરાવતી લાયબ્રેરીની પણ સુવિધા ઉપલબ્ધ થશે. આ સેન્ટરમાં SWAS ગ્રુપની મીટીંગ તેમજ અગ્નિહોત્રાને લગતી ચર્ચા કે વર્કશોપ પણ કરવામાં આવશે.